# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે શિક્ષણ વિભાગ ગાંધીનગરના ઠરાવક્રમાંક:મશબ/૨૦૦૫/૧૨૩૩/છ તા.૧૭/૧૦/૨૦૧૭ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) ૨૦૦૫ માં વિનિયમ-૨૯ (૩) ના સુધારેલ ઠરાવ મુજબ ઉ.મા.પ્ર. પરીક્ષામાં વિજ્ઞાનપ્રવાહની સેમેસ્ટર પદ્ધતિ બંધ થતાં સેમેસ્ટર પદ્ધતિમાં સેમેસ્ટર-૧ થી ૪ ની પરીક્ષાના અંતે માર્ચ-૨૦૧૭ માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી ઈચ્છે તો ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવી આગામી માર્ચ-૨૦૧૮ માં બોર્ડ દ્વારા લેવાનાર વિજ્ઞાનપ્રવાહ ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. જેમાં વિદ્યાર્થી વિષયો બદલી શકશે નહિ. આ અંગેનો પરીપત્ર તથા નિયત નમૂનાનું અરજીપત્રક (પરીશિષ્ટ-૪) બોર્ડની વેબસાઈટ www.gseb.org ઉપર મૂકવામાં આવેલ છે. તે ભરી તા.૧૬/૧૧/૨૦૧૭ થી તા.૧૫/૧૨/૨૦૧૭ સુધીમાં બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે રૂબરૂ જમા કરાવવાનું રહેશે. જેની આચાર્યશ્રીઓએ, વાલીઓએ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

તા :- ૧૫/૧૧/૨૦૧૭

સ્થળ :- ગાંધીનગર.

પરીક્ષા સચિવ,

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.